કરમસદ-આણંદ મનપાની કામગીરીનો 'રિપોર્ટ કાર્ડ' | ૧૭ દિવસમાં ૧૨૧૪ ફરિયાદોમાંથી ૮૪૮નો નિકાલ

# આણંદ શહેરમાં સફાઈના કામને લઈ લોકો ત્રસ્ત, અનેક વિસ્તારમાં અંધારપટની રાવ

**'સિટીઝન ગ્રીવન્સ** હેલ્પલાઇન સિસ્ટમ' માં ગટરને લઇ ફરિયાદો મળી

(પ્રતિનધિ) આણંદ તા.30

કરમસદ - આણંદ મનપા દ્વારા નાગરિકોની સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે શરૂ કરવામાં આવેલી 'સિટીઝન ગ્રીવન્સ હેલ્પલાઈન સિસ્ટમ' પરિણામલક્ષી સાબિત થઈ રહી છે. ગત ૧૨મી જૂનથી ૨૮મી જૂન સુધીના માત્ર ૧૭ દિવસના ગાળામાં મનપા તંત્રને વિવિધ વિભાગોની કુલ ૧૨૧૪ ફરિયાદો મળી હતી. જેમાંથી તંત્રએ અત્યંત સક્રિયતા દાખવી ૮૪૮ ફરિયાદોનો સફળતાપૂર્વક નિકાલ કરી ૭૦ ટકા જેટલી ઊંચી સિદ્ધિ હાંસલ કરી છે. નાગરિકોની સુવિધાઓ પ્રત્યે પારદર્શક પ્રતિબદ્ધતા દર્શાવતા આ અભિયાનમાં અત્યાર સુધી ૯૪૨ નાગરિકોએ પોતાની સમસ્યાઓ નોંધાવી છે.

કરમસદ - આણંદ મનપાને પ્રાપ્ત થયેલી ફરિયાદોમાં સૌથી વધુ ૩૮૩ ફરિયાદો સ્ટ્રીટલાઈટ વિભાગમાં નોંધાઈ હતી, જેમાંથી ૭૪ ટકા એટલે કે ૨૮૪ ફરિયાદોનો ત્વરિત ઉકેલ લાવવામાં આવ્યો છે. જોકે, કાર્યક્ષમતાની દ્રષ્ટિએ સફાઈ વિભાગ મોખરે રહ્યો છે, જ્યાં ૧૮૭ ફરિયાદોમાંથી ૧૮૧નો નિકાલ કરીને ૯૭ ટકાની ઊંચી સફળતા મેળવી છે. આ ઉપરાંત ગટર વ્યવસ્થાની ૨૨૨ ફરિયાદો પૈકી ૧૪૭નો નિકાલ કરાયો છે. રખડતા ઢોરના મામલે પણ ૮૯ ટકા કિસ્સાઓમાં કામગીરી કરીને નાગરિકોને મોટી રાહત આપવામાં આવી છે.

આ હેલ્પલાઈન સિસ્ટમની ખાસિયત એ છે કે ફોન કે વેબસાઈટ પર ફરિયાદ નોંધાતાની સાથે જ તેની એન્ટ્રી થાય છે અને તાત્કાલિક જે-તે વોર્ડના કર્મચારી કે સુપરવાઈઝરને જાણ કરવામાં આવે છે. આના કારણે ફરિયાદના નિકાલનો સમય ઘણો ઘટી ગયો છે. તંત્ર દ્વારા માત્ર ફરિયાદ ઉકેલવામાં જ નથી આવતી, પરંતુ ફરિયાદીને ફોન કરીને તેની પુષ્ટિ પણ કરવામાં આવે છે, જેના કારણે નાગરિકોમાં સંતોષ જોવા મળ્યો છે. હાલમાં બાકી રહેલી ૩૬૬ ફરિયાદો પર પણ તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. આ ડિજિટલ પ્રણાલી શહેરના વિકાસમાં જનભાગીદારી વધારવા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

**વિભાગવાર કામગીરીની એક ઝલક (૧૨ થી ૨૮ જૂન)**

**સફાઈ:** ૧૮૭ ફરિયાદો - ૧૮૧ ઉકેલાઈ (૯૭% સફળતા)
**રખડતા ઢોર:** ૮૯ ટકા પ્રશ્નોનો નિકાલ
**સ્ટ્રીટલાઇટ:** ૩૮૩ ફરિયાદો - ૨૮૪ ઉકેલાઈ (૭૪%)
**ગટર વ્યવસ્થા:** ૨૨૨ ફરિયાદો - ૧૪૭ ઉકેલાઈ
**ઝાડ-ઝાંખરા ટ્રીમીંગ:** ૧૨૪ ફરિયાદો - ૬૫ ઉકેલાઈ
**પાણી પુરવઠો:** ૧૦૪ ફરિયાદો - ૬૪ ઉકેલાઈ
**રસ્તા બાંધકામ:** ૧૦૩ ફરિયાદો - ૫૮ ઉકેલાઈ
**દબાણ/અનધિકૃત બાંધકામ:** ૨૬ ફરિયાદો - ૧૦ ઉકેલાઈ

## મોગરીમાં વિશેષ આસનનો ત્યાગ કરી બહેનો સાથે જમીન પર બેઠા



ગુજરાતના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાએ મોગરી સ્થિત અનુપમ મિશનની મુલાકાત લઈ પોતાની સહજતા અને વિનમ્રતાથી સૌના દિલ જીતી લીધા હતા. તેમના માટે કરવામાં આવેલી સુંદર આસનની વ્યવસ્થાનો અત્યંત નમ્રતાપૂર્વક અસ્વીકાર કરી તેઓ અન્ય બહેનો સાથે ભૂમિ પર જ બેઠા હતા. આ કાર્યક્રમમાં પ્રવચન આપવાને બદલે તેમણે સંતોના આશીર્વાદ મેળવવા અને તેમને સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી પોતાની નિર્માનીતાનો પરિચય આપ્યો હતો. શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાની સાદગી જોઈ ઉપસ્થિત સૌ લોકોમાં તેમના પ્રત્યે વિશેષ આદર અને ગૌરવની લાગણી જન્મી હતી.

# વાસદ: ડુંગળીની આડમાં લવાતો સવા ત્રણ લાખનું બીયર પકડાયું

**વાસદ પોલીસે** મધ્યપ્રદેશના ચાલકની ધરપકડ કરી કુલ 6.26 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

વાસદ પોલીસે બાતમીના આધારે સુંદણ ફાટક પાસે વોચ ગોઠવીને એક મહિન્દ્રા પિકઅપ ગાડીમાંથી ડુંગળીના કટ્ટા નીચે છુપાવીને લઈ જવાતો બીયરનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે મધ્યપ્રદેશના એક શખ્સની ધરપકડ કરી બીયર અને વાહન સહિત કુલ ૬.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વાસદ પોલીસ સ્ટેશનનો સ્ટાફ હાઈવે પર પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે એક પિકઅપ ગાડી (નંબર MP-૪૩ -ZM-૬૮૨૮)માં ગેરકાયદેસર જથ્થો ભરીને વાસદ ચોકડી થઈ બોરસદ તરફ જઈ રહી છે. પોલીસે તુરંત સુંદણ ફાટક નજીક વોચ ગોઠવી શંકાસ્પદ ગાડીને અટકાવી હતી. આ તપાસ કરતા ઉપર ડુંગળીના કટ્ટા રાખેલા હતા, જેની નીચે છુપાવેલી બીયરની કુલ ૧૦૭ પેટીઓ (૨૫૬૮ નંગ ટીન) મળી આવી હતી. આ જથ્થાની કિંમત ૩,૨૧,૦૦૦ આંકવામાં આવી છે. પોલીસે ગાડીના ચાલક રાહુલ ભેરુલાલ સોલંકી (રહે. મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી છે. પૂછપરછમાં ચાલકે કબૂલાત કરી હતી કે આ જથ્થો તેને મન્સોર બાયપાસ ખાતેથી કોઈ અજાણ્યા શખ્સે આપ્યો હતો. વાસદ પોલીસે ૩.૨૧ લાખનો બીયર, ૩ લાખની કિંમતની પિકઅપ ગાડી અને પાંચ હજારનો મોબાઈલ મળી કુલ ૬,૨૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છેકે, આણંદ જિલ્લામાંથી પસાર થતા ધોરી માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી વિદેશી દારૂની હેરફેર કરતાં વાહનો પકડાઇ રહ્યાં છે. ખાસ કરીને વાસદ ટોલનાકા પર કડક ચેકીગના પગલે બુટલેગરના મનસુબા પાર પડી રહ્યાં નથી.

# નડિયાદ શહેરમાં છેતરપિંડી કરનારા ૧૧ વેપારી પકડાયાં

**કાનૂની** માપ વિજ્ઞાન તંત્રની સંતરામ માર્કેટમાં તવાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

નડિયાદ શહેરના સંતરામ શાક માર્કેટમાં ગ્રાહકોને ઓછું વજન આપી છેતરપિંડી કરતાં શાકભાજીના વેપારી સામે તોલમાપ વિભાગે દંડનીય કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીથી વેપારીઓમાં ફફડાટની લાગણી ફેલાઈ હતી.

નડિયાદ શહેરના સંતરામ શાક માર્કેટમાં ગ્રાહકોને ૧ કિલોના બદલે અંદાજે ૨૫૦ ગ્રામ જેટલું ઓછું વજન આપી છેતરપિંડી કરતા એક ફેરીયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનાની ગંભીર નોંધ લઈને મદદનીશ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા કચેરી, ખેડા દ્વારા મંગળવાર, ૩૦ જૂન ૨૦૨૬ના રોજ માર્કેટમાં વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન તંત્ર દ્વારા કુલ ૧૦ શાકભાજી-ફળોના ફેરીયાઓ અને અન્ય એકની ચકાસણી કરતા ૧૧ વિવિધ ગુનાઓ જણાઈ આવ્યા હતા. આ તમામ સંબંધિત વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

આ સાથે તંત્ર દ્વારા જિલ્લાના ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે, જો ખરીદી દરમિયાન ઓછું વજન કે અન્ય કોઈ ગેરરીતિ જણાય તો ઈ-મેઈલ aclm-ndd@gujarat.gov.in પર અથવા સરદાર પટેલ ભવન, મિલ રોડ, નડિયાદ સ્થિત કચેરીમાં રૂબરૂ ફરિયાદ કરવી.

મહેનત રસોઈયાની, પગાર સંચાલકના ખાતામાં | વર્ષોથી ચાલી રહેલી પદ્ધતિ સામે સવાલો

# વીરપુરના મભોયોમાં ગંભીર વહીવટી લાપરવાહીનો ઘટસ્ફોટ

**સરકારના** ડીબીટીના દાવા વચ્ચે ૨૭૬ કર્મચારીનું શોષણ કર્યું

(પ્રતિનિધિ) વીરપુર તા.૩૦

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાની મધ્યાહન ભોજન શાખામાં વર્ષોથી ચાલતી ગંભીર વહીવટી બેદરકારી સામે આવી છે. એક તરફ રાજ્ય સરકાર પારદર્શિતા માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) પર ભાર મૂકી રહી છે, ત્યારે વિરપુરમાં રસોઈયા અને મદદનીશોના વેતન તેમના પોતાના ખાતામાં જમા કરવાને બદલે સંચાલકોના ખાતામાં જમા કરાતા હોવાનો આક્ષેપ થયો છે.

વીરપુર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ અંદાજે ૧૩૭ રસોઈયા અને ૧૩૯ મદદનીશો ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓનો પગાર વર્ષોથી તેમના વ્યક્તિગત બેંક ખાતામાં જમા કરવાને બદલે જે-તે કેન્દ્રના સંચાલકોના ખાતામાં જમા કરવામાં આવે છે. આ ખામીયુક્ત પદ્ધતિને કારણે અંદાજે ૨૭૬ કર્મચારીઓ પોતાના મહેનતાણા માટે સંચાલકોની દયા પર નિર્ભર રહેવા મજબૂર બન્યા છે.

આક્ષેપો મુજબ, ઘણા સંચાલકો સમયસર પગાર ઉપાડીને કર્મચારીઓને ચૂકવતા નથી, જેના કારણે આ ગરીબ વર્ગના શ્રમિકોને વારંવાર ધક્કા ખાવા પડે છે અને તેમના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. ડિજિટલ યુગમાં પણ નાના કર્મચારીઓને વેતન માટે બીજા પર આધાર રાખવો પડે તે તંત્ર માટે શરમજનક સ્થિતિ છે. હવે કર્મચારીઓ દ્વારા આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ અને પગાર સીધા પોતાના ખાતામાં જમા કરવાની માંગ ઉગ્ર બની છે.

જ્યારે સમગ્ર રાજ્યમાં ડીબીટી પદ્ધતિ અમલમાં છે, ત્યારે વીરપુર મધ્યાહન ભોજન શાખામાં વર્ષો જૂની પદ્ધતિ કોની મૌન સંમતિથી ચાલી રહી છે? આથી, જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી અને તાત્કાલિક અસરથી વ્યક્તિગત ખાતામાં પગારની ચુકવણી કરવી જોઈએ.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વડતાલ ધામ ખાતે પ્રથમ ઇલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનનો પ્રારંભ કરવામાં આવ્યો

**આણંદ |** સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલ ધામમાં જેઠ સુદ પૂનમના રોજ ગોમતી કિનારે હરિકૃષ્ણ કોમ્પ્લેક્સ ખાતે પ્રથમ ઇવી ચાર્જિંગ સ્ટેશન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ સ્ટેશનનો શુભારંભ વડતાલ મંદિરના ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામી તથા મુખ્ય કોઠારી દેવપ્રકાશ દાસજી સ્વામીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.



વધતા વાયુ પ્રદૂષણ અને પેટ્રોલ-ડીઝલના ભાવવધારાને ધ્યાને રાખી, સરકારના ઇલેક્ટ્રિક વાહન અભિયાનને વેગ આપવાના ઉદ્દેશ્યથી આ સુવિધા શરૂ કરાઈ છે. આ પ્રસંગે હોસ્પિટલના ટ્રસ્ટી કાંતિભાઈ રાખોલીયા, મંદિરના ટ્રસ્ટી સંજયભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### બેંક ઓફ ઈન્ડિયાની આણંદ શાખાને 'અંતર બેંક રાજભાષા શીલ્ડ' એનાયત કરાયો

**આણંદ |** આણંદમાં નગર રાજભાષા અમલીકરણ સમિતિની બેઠકમાં હિંદી-ગુજરાતીના શ્રેષ્ઠ પ્રચાર માટે BOIને સન્માનિત કરાઈ હતી. વર્ષ ૨૦૨૫-૨૬માં રાજભાષાના ઉત્કૃષ્ટ ઉપયોગ બદલ આણંદ મુખ્ય શાખાને આ પ્રતિષ્ઠિત શીલ્ડ પ્રાપ્ત થયું છે. બેંક ઓફ બરોડાના રિજિયોનલ મેનેજર સુજીત કુમારે BOIના રાજભાષા મેનેજર




કિશોર સોનારને એવોર્ડ એનાયત કર્યો હતો. આ પ્રસંગે શહેરની વિવિધ સરકારી બેંકો અને કેન્દ્ર સરકારના કાર્યાલયોના વડાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'શહેરી બાગાયત' અને ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના AERC અને NCCSD દ્વારા શહેરી બાગાયત તેમજ કિચન ગાર્ડનિંગ અંગે જાગૃતિ લાવવા વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં કુલપતિ ડો. નિરંજન પટેલે મહિલાઓ અને યુવાનોને શહેરી બાગાયત સાથે જોડીને યુનિવર્સિટીમાં મોડેલ ફાર્મ તૈયાર કરવા પર ભાર મૂક્યો હતો. નિષ્ણાતોએ વર્ટિકલ અને ટેરેસ ગાર્ડનિંગ જેવી આધુનિક તકનીકો સમજાવી, સહભાગીઓને બીજ અને જૈવિક ખાતરની કીટનું વિતરણ કર્યું હતું.

### સંતરામપુરના આર્ચરી ખેલાડી વિરેન ડામોરની નડિયાદ હાઈપરફોર્મન્સ એકેડમીમાં પસંદગી થઇ

**સંતરામપુર |** સંતરામપુરની જે. એન્ડ જે. પટેલ પ્રાથમિક શાળાના પ્રતિભાશાળી તીરંદાજ વિરેન ડામોરની રાજ્યની પ્રતિષ્ઠિત નડિયાદ હાઈપરફોર્મન્સ આર્ચરી એકેડમીમાં પસંદગી થઈ છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની ઈન સ્કૂલ યોજના હેઠળ કોચ કમલેશ વસાવા પાસે તાલીમ મેળવતા વિરેને કઠિન પસંદગી પ્રક્રિયામાં સફળતા મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી છે. આ એકેડમીમાં હવે આ ખેલાડીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય



કક્ષાની સ્પર્ધાઓ માટે આધુનિક રમત વિજ્ઞાન અને ઉચ્ચ સ્તરીય કોચિંગની સુવિધાઓ પ્રાપ્ત થશે.

### કપડવંજ ભાવસાર જ્ઞાતિપંચ દ્વારા સ્નેહ સંમેલન અને ઇનામ વિતરણ સમારોહ યોજાયો

**કપડવંજ |** કપડવંજની ગાયત્રી નગર સોસાયટીમાં ઝૂલેલાલની વાડી ખાતે ભાવસાર જ્ઞાતિપંચ દ્વારા સ્નેહ સંમેલન અને તેજસ્વી બાળકો માટે ઇનામ વિતરણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જ્ઞાતિ પ્રમુખ મધુસુદનભાઈ ભાવસાર અને આમંત્રિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ સમારંભને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે



બાળકો માટે સંગીત કાર્યક્રમ, ઇનામ વિતરણ અને સમૂહ ભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેશભાઈ, પ્રેમલભાઈ અને વૈષ્ણવીબેન દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

### કપડવંજ શહેરની ઐતિહાસિક ૩૨ કોઠાની વાવના નવીનીકરણનો પ્રારંભ કરાયો

**કપડવંજ |** ભારત સરકારના પુરાતત્વ ખાતા દ્વારા કપડવંજની પૌરાણિક ૩૨ કોઠાની વાવના પુન:ઉદ્ધાર કાર્યનો શાસ્ત્રોક્ત વિધિ સાથે શુભારંભ કરાયો છે. આ કાર્ય માટે નિમવામાં આવેલી સવાની હેરિટેજ કન્ઝર્વેશન એજન્સી અને એન્જિનિયર અભિ નિમેષ શાહની ઉપસ્થિતિમાં પૂજન વિધિ સંપન્ન થઈ હતી. પ્રથમ તબક્કે અંદાજે દોઢ કરોડ રૂપિયાના ખર્ચે



વાવના જાળવણી અને નવીનીકરણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ઐતિહાસિક ધરોહર સમાન આ વાવના નવીનીકરણના અહેવાલથી કપડવંજના પ્રજાજનોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

### કપડવંજ લાયન્સ ક્લબમાં નવનિયુક્ત પ્રમુખ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો પદગ્રહણ વિધિ યોજાયો

**કપડવંજ |** કપડવંજના લાયન્સ સંકુલમાં નવનિયુક્ત પ્રમુખ લાયન મુકેશ જે. તલાટી અને તેમના બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો શપથવિધિ સમારોહ પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન સંજીવ પંચોલીના વરદ્ હસ્તે ગરિમાપૂર્ણ રીતે સંપન્ન થયો હતો. આ અવસરે ડાકોરના



મહંત દંડી સ્વામી વિજયદાસજી મહારાજે રાષ્ટ્રસેવાની શીખ સાથે આશીર્વચન પાઠવ્યા હતા અને પૂર્વ નગરપતિ ગોપાલ ટી. શાહ સહિતના મહાનુભાવોએ સેવાભાવી નાગરિક બનવા અનુરોધ કર્યો હતો. મુખ્ય અતિથિ સંજીવ પંચોલીએ માનવ ઉત્થાનમાં લાયન્સ સંસ્થાના મહત્વને સમજાવ્યું હતું.

### દેવાતજ કેવીકે ખાતે મહિલાઓ માટે 'કિચન ગાર્ડન' તાલીમ અને બિયારણ કિટનું વિતરણ કરાયું




**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત દેવાતજ કેવીકે દ્વારા સોજીત્રાના કાસોર ગામની ૨૫ મહિલાઓ માટે કિચન ગાર્ડન વિષયક વિશેષ તાલીમ યોજાઈ હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. ડી.એમ. રાઠોડે પ્રાકૃતિક ખેતી અને નિષ્ણાત એ.એન. જાદવે ઋતુ મુજબ શાકભાજીની ખેતી તથા ટેરેસ ગાર્ડન વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. તાલીમ દરમિયાન સેન્દ્રિય ખાતરના ઉપયોગ અને માનવ પોષણમાં શાકભાજીના મહત્વ વિશે મહિલાઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અંતે બહેનોને શાકભાજી બિયારણની કિટ અપાઈ હતી અને જીવામૃત તથા નિમાસ્ત્ર બનાવવાની પદ્ધતિનું પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું.

### આણંદના રોકડિયા હનુમાનજી મંદિરે 41મી અભ્યુદ્ય સભા ભવ્ય રીતે યોજાઈ



**આણંદ |** આણંદ સ્થિત સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદભૂત રોકડીયા હનુમાનજી મંદિરે મહંત ભક્તવત્સલદાસજી સ્વામીના આયોજન હેઠળ 41મી ભવ્ય સત્સંગ સભા યોજાઈ હતી. આ પ્રસંગે શ્રીજી સ્વામીના સંબોધન બાદ મહંત સ્વામીએ ગોપાલનંદ સ્વામીના જીવન ચરિત્ર પર કથાવાર્તા કરી ભક્તોને તરબોળ કર્યા હતા. સમગ્ર સભાનું સંચાલન મુખ્ય ટ્રસ્ટી હરિકૃષ્ણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે સ્વયંસેવકો અને મહિલા ભક્તો દ્વારા તૈયાર કરાયેલ ભોજન પ્રસાદનો મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો.

### માતર તાલુકાના સંધાણામાં શાળા પ્રવેશોત્સવ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**માતર |** માતરના સંધાણામાં કન્યા અને કુમાર શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પ્રવેશોત્સવમાં ૬૪ બાળકોને ઉત્સાહભેર પ્રવેશ અપાયો હતો. ર. મુખ્ય મહેમાન આર.જી. શર્માના હસ્તે બાળકોને સ્વામિનારાયણ આશ્રમ તરફથી સ્કૂલ બેગ એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય રાજુભાઈ પટેલ સહિતના



મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના સમાપન સમયે શાળા પરિસરમાં પર્યાવરણ જાળવણીના હેતુથી મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### ખેડાના હરિયાળા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે 'કન્યા કેળવણી મહોત્સવ'ની ભવ્ય ઉજવણી કરાઇ

**ખેડા |** હરિયાળા સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યામંદિર ખાતે પૂજ્ય શાસ્ત્રી ભક્તિજીવનદાસજી સ્વામીના દિવ્ય સાનિધ્યમાં 'પ્રવેશોત્સવ-૨૦૨૬' ઉત્સાહભેર સંપન્ન થયો હતો. આ પ્રસંગે જિજ્ઞાબેન પટેલ, પ્રતીકભાઈ પટેલ અને ધર્મિષ્ઠાબેન મહિડા જેવા મહાનુભાવોએ નવા પ્રવેશિત બાળકોને કુમકુમ તિલક કરી ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં ભૂલકાઓને શૈક્ષણિક કીટ અને મીઠાઈ વિતરણ કરી



શિક્ષણ તેમજ કન્યા કેળવણીના મહત્વ વિશે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આચાર્ય જિગ્નેશભાઈ પટેલ અને શિક્ષકોના સહયોગથી સફળ બનેલા આ મહોત્સવમાં દાતા વિક્રમસિંહ ચાવડા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.